# સ્વામી ઇંદિરાનંદ સાથે
# દક્ષિણાના સિદ્ધયોગ અભ્યાસ વિશે પ્રશ્નોત્તરી

હું એક સિદ્ધયોગ સ્વામી અને ધ્યાન શિક્ષિકા છું, અને હું દક્ષિણા વિશે અધ્યયન સત્રોનું નેતૃત્વ કરું છું. આ ભૂમિકામાં મને વિશ્વભરમાં દરેક ઉંમરના સિદ્ધયોગીઓ સાથે આ અભ્યાસ વિશે વાર્તાલાપ કરવાનો સુઅવસર મળ્યો છે. વર્ષોથી આ અધ્યયન સત્રો અને વાર્તાલાપોમાં મને જે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, તેમાંથી કેટલાકના ઉત્તર તમને જણાવવામાં મને ખુશી થઈ રહી છે.

*(ભારતના નિવાસીઓ માટે : ગુરુદેવ સિદ્ધપીઠની ધર્માર્થ સંસ્થા, ભારતમાં નિવાસ કરનારા સિદ્ધયોગીઓ દ્વારા અર્પિત કરવામાં આવતી દક્ષિણા પ્રાપ્ત કરે છે અને તેનું વ્યવસ્થાપન કરે છે. દક્ષિણા અર્પિત કરવા અથવા માસિક દક્ષિણાના અભ્યાસને શરૂ કરવા અથવા તેમાં ફેરફાર કરવા વિશે જાણકારી માટે કૃપા કરીને સિદ્ધયોગ પથ ભારતની વેબસાઇટ જુઓ.)*

- દક્ષિણા એટલે કે આર્થિક ભેટ અર્પિત કરવી એક સિદ્ધયોગ અભ્યાસ શા માટે છે?
- દક્ષિણાનો અભ્યાસ સિદ્ધયોગ સાધનામાં કેવા પ્રકારનું રૂપાંતરણ લાવે છે?
- મને એવું લાગે છે કે દક્ષિણા અર્પિત કરવાથી થતા લાભોનો અનુભવ કરવાને બદલે, હું ધ્યાન અને નામસંકીર્તનના મારા અભ્યાસોથી થતા લાભોનો અનુભવ વધારે સહેલાઈથી કરી શકું છું. મારા જીવનમાં દક્ષિણાના અભ્યાસથી થતા લાભો પ્રત્યે હું વધારે જાગરૂક કેવી રીતે થઈ શકું?
- મેં જોયું છે કે સિદ્ધયોગ પથની વેબસાઇટ પર દક્ષિણાના અભ્યાસ વિશેના વિભાગમાં કેટલાંક વેબપેજ દેવી લક્ષ્મીને સમર્પિત છે. દેવી લક્ષ્મી અને દક્ષિણાના અભ્યાસ વચ્ચે શું સંબંધ છે?
- મેં સિદ્ધયોગ પથની વેબસાઇટ પર વાંચ્યું છે કે ગુરુપૂર્ણિમાના મહિનામાં દક્ષિણા આપણાં અધ્યયન અને અભ્યાસનું કેન્દ્રણ છે. ગુરુપૂર્ણિમા પર દક્ષિણા અર્પિત કરવાનું વિશેષ મહત્ત્વ શું છે?
- દક્ષિણાના રૂપમાં હું જે ધનરાશિ અર્પિત કરું છું, શું તે મહત્ત્વપૂર્ણ છે કે હું જે ભાવથી દક્ષિણા અર્પિત કરું છું તે વધારે મહત્ત્વપૂર્ણ છે?
- મેં હાલમાં જ ગ્રેજ્યુએશન પૂરું કર્યું છે અને મારી પહેલી નોકરી શરૂ કરી છે, અને હું સિદ્ધયોગ માસિક દક્ષિણાનો અભ્યાસ શરૂ કરવા માગું છું. શું મારે માસિક અભ્યાસ અત્યારથી જ શરૂ કરી દેવો જોઈએ કે જ્યાંસુધી હું વધારે અર્પિત ન કરી શકું ત્યાંસુધી રાહ જોવી જોઈએ?

- હું માસિક દક્ષિણાનો અભ્યાસ કરું છું અને એના માટે મેં મારા બેંકના ખાતામાંથી દર મહિને દક્ષિણાની રાશિની ચૂકવણી ઑટોમૅટિક થઈ જાય તેવી વ્યવસ્થા કરી છે. કેટલીકવાર મને લાગે છે કે મારો અભ્યાસ 'ઑટોપાયલટ' એટલે કે સ્વચાલિત રીતે યંત્રવત્ ચાલી રહ્યો છે. હું દક્ષિણાનો નિયમિત અભ્યાસ હજી વધારે જાગરૂકતા સાથે કેવી રીતે કરી શકું?
- મને મારાં બાળકોને ધ્યાન અને નામસંકીર્તનના અભ્યાસોથી પરિચિત કરાવવામાં ઘણો આનંદ આવ્યો. શું તમારી પાસે કોઈ સૂચનો છે કે હું તેમને દક્ષિણાના અભ્યાસથી કેવી રીતે પરિચિત કરાવું?
- જ્યારે હું કોઈ સિદ્ધયોગ આશ્રમ અથવા ધ્યાન કેન્દ્રમાં દક્ષિણા અર્પિત કરું છું તો મને આ અભ્યાસની શક્તિનો અનુભવ થાય છે. આ જ અનુભવ સિદ્ધયોગ પથની વેબસાઇટ પર દક્ષિણા અર્પિત કરતી વખતે હું કેવી રીતે કરી શકું?
- મને લાગે છે કે દક્ષિણા ખૂબ જ વ્યક્તિગત બાબત છે. મને બાળપણથી જ શીખવવામાં આવ્યું હતું કે સામાન્ય રીતે પૈસા વિશે વાત ન કરવી જોઈએ. પરંતુ મેં જોયું છે કે આપણને સિદ્ધયોગ અભ્યાસ વિશે આપણા અનુભવો જણાવવા માટે પ્રેરિત કરવામાં આવે છે. દક્ષિણાના અભ્યાસ વિશે વાત કરવાનો શું લાભ છે?

---

## દક્ષિણા એટલે કે આર્થિક ભેટ અર્પિત કરવી એક સિદ્ધયોગ અભ્યાસ શા માટે છે?

સિદ્ધયોગના બધા અભ્યાસોની જેમ દક્ષિણાનો અભ્યાસ પણ શ્રીગુરુની કૃપાથી અનુપ્રાણિત છે અને એટલા માટે તે ગહન રૂપાંતરણ લાવે છે. આ અભ્યાસમાં કૃપા અંતર્નિહિત છે તેથી દક્ષિણા અર્પિત કરવાનું કૃત્ય-માત્ર, શ્રીગુરુ પાસેથી પ્રાપ્ત ગૂઢ ઉપહારો વિશેની તમારી સમજ અને અનુભૂતિને વિસ્તૃત કરી શકે છે.

હજારો વર્ષોથી, ભારતના ઋષિમુનિઓ જાણતા હતા અને તેમણે લખ્યું પણ છે કે પરમ જ્ઞાન એટલે કે આત્મજ્ઞાન પ્રદાન કરનારા શ્રીગુરુનું સન્માન કરવા માટે તેમને કોઈ મૂલ્યવાન વસ્તુ અર્પિત કરવાનું શું મહત્ત્વ છે અને તેમાં કેવી રહસ્યમય શક્તિ નિહિત છે.

સિદ્ધયોગ પથ પર દક્ષિણા એક મુખ્ય અભ્યાસ શા માટે છે, એ સમજવા માટે વિચાર કરો કે તમે દક્ષિણા કોને અર્પિત કરી રહ્યા છો. તમે કૃપાના સ્રોતને, સિદ્ધયોગ ગુરુને દક્ષિણા અર્પિત કરી રહ્યા છો, જેમની શિખામણો તમને મોક્ષ સુધી લઈ જાય છે. અર્પણ કરવાના પાવન કૃત્ય દ્વારા તમારું હૃદય ખુલે છે અને તમે જેમને અર્પિત કરી રહ્યા છો, તેમની અવસ્થા અને તેમના ગુણોને આત્મસાત્ કરવા લાગો છો. સમય જતાં, દક્ષિણા અર્પિત કરવાનું આ કૃત્ય તમને ભગવાન સાથે તમારા ઐક્યના અનુભવ સુધી લઈ જઈ શકે છે.

તેથી, આ પથ પર દક્ષિણા અર્પિત કરવી એ મુખ્ય અભ્યાસ શા માટે છે, એ પૂરીરીતે સમજવાની સૌથી સારી રીત એ છે કે તમે એ વાત પર ચિંતન કરો કે તમારા જીવનમાં સિદ્ધયોગ ગુરુ હોવાનું શું મહત્ત્વ છે. એ વાત પર ચિંતન કરવાની આદત બનાવી લો કે તમે શ્રીગુરુની કૃપા અને શિખામણોનો અનુભવ કેવી રીતે કરો છો — આજે, ગયા મહિને, ગયા વર્ષે, જ્યારથી તમે સિદ્ધયોગ પથ પર ચાલવાનું શરૂ કર્યું છે.

જેમજેમ તમે જોશો કે શ્રીગુરુ દ્વારા પ્રદાન કરવામાં આવેલી ભેટ કેટલી અણમોલ છે, તેમતેમ તમે જાણી લેશો કે સિદ્ધયોગ સાધનામાં દક્ષિણા અર્પિત કરવી આટલી મહત્ત્વપૂર્ણ શા માટે છે.

### દક્ષિણાનો અભ્યાસ સિદ્ધયોગ સાધનામાં કેવા પ્રકારનું રૂપાંતરણ લાવે છે?

સિદ્ધયોગના બધા અભ્યાસોની જેમ દક્ષિણામાં પણ મનને શુદ્ધ કરવાની તેમજ આપણા અને આપણી આસપાસના સંસાર વિશે ઉત્થાનકારી વિચારો અને ભાવો ઉત્પન્ન કરવાની શક્તિ છે.

ઘણીવાર લોકો મને કહે છે કે દક્ષિણા અર્પિત કરવાથી, ધન વિશે તેમની સમજ અને આ સંસારમાં તેઓ જે કામ કરે છે તેના વિશે તેમના દષ્ટિકોણમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

ઉદાહરણ તરીકે, એક યુવા સાધકે મને જણાવ્યું કે નિયમિતરૂપે દક્ષિણા અર્પિત કરવાથી, તેને તેની નોકરી અને કમાણી પવિત્ર લાગવા લાગી છે. તેણે કહ્યું કે તેના કામનો હવે તેના માટે એક નવો જ અર્થ છે કારણ કે હવે તે પોતાની કમાણીનો એક હિસ્સો શ્રીગુરુને અર્પિત કરી રહ્યો છે.

દક્ષિણા અર્પિત કરનારી એક અન્ય વ્યક્તિએ મને કહ્યું કે સતત વધારેને વધારે પ્રાપ્ત કરવાની તેમની ઇચ્છાને — વધારે ધન, વધારે ભૌતિક વસ્તુઓ, વધારે પ્રતિષ્ઠા, બધું જ વધારે પ્રાપ્ત કરવાની તેની આસક્તિને તે હવે છોડી શકી છે! તેણે કહ્યું કે તે પોતાના જીવનથી ક્યારેય સંતોષ અનુભવતી નહોતી, પરંતુ થોડા સમય સુધી દક્ષિણાનો અભ્યાસ કર્યા પછી, તેની ઇચ્છાઓ ઓછી થવા લાગી છે. તે જોવા લાગી છે કે તેના જીવનમાં જે પણ છે, તે પર્યાપ્ત છે — અને તે પોતે પણ સંતુષ્ટ છે. સંતોષના આ શ્રેષ્ઠ ભાવ સાથે તેના આત્મપ્રેમ અને આત્મસન્માનના ભાવમાં પણ વૃદ્ધિ થાય છે. તે પ્રસન્નચિત્ત રહે છે અને આનાથી તેના જીવનની દરેક વસ્તુ પ્રત્યે તેનો દષ્ટિકોણ રૂપાંતરિત થઈ ગયો છે.

કદાચ આ અભ્યાસથી થતું સૌથી મહાન રૂપાંતરણ એ છે કે આપણને અંતર્નિહિત ભગવાનની અનુભૂતિ વધારે ગહનતાથી થાય છે.

એક સિદ્ધયોગીએ મને કહ્યું કે વર્ષોથી દક્ષિણા અર્પિત કરવાના તેના નિયમિત અભ્યાસને કારણે, તેણે પોતાની અંદર ગહન રૂપાંતરણ જોયું છે, તે પહેલાં પોતાને જે રૂપમાં અનુભવ કરતી હતી તેમાં હવે ગહન પરિવર્તન થયું છે. દરેક વખતે જ્યારે તે દક્ષિણા અર્પિત કરે છે ત્યારે તે મહસૂસ કરે છે કે તે એમાં સમાઈ રહી છે જે અનંત છે, આનંદમય છે. તે પોતાના દિવ્ય સ્વરૂપ પ્રત્યે, તેના હૃદયમાં શ્રીગુરુની ઉપસ્થિતિ પ્રત્યે વધુ જાગરૂક થઈ જાય છે. આ અનુભવ તેને ગહન પ્રશાંતિમાં નિમગ્ન કરી દે છે અને તેના જીવનને એક અવિચળ આધાર આપે છે.

આ મહિલાનો અનુભવ ગહન સત્યની અભિવ્યક્તિ છે. જ્યારે આપણે દક્ષિણા અર્પિત કરીએ છીએ ત્યારે આપણે આપવા અને લેવાના નૈસર્ગિક ચક્રમાં ભાગ લઈએ છીએ — અને આપણે આમાં ભાગ લઈએ છીએ શ્રીગુરુ એટલે કે ભગવાનની અનુગ્રાહિકા શક્તિ સાથે. આ રીતે, જ્યારે આપણે શ્રીગુરુને દક્ષિણા અર્પિત કરીએ છીએ ત્યારે આપણને અનુભવ થાય છે કે દક્ષિણા, દક્ષિણા અર્પણ કરનાર અને શ્રીગુરુ એક જ છે.

આ અભ્યાસની રૂપાંતરણકારી શક્તિ વિશે લોકોએ મને જે અનુભવો કહ્યા છે તેમાંથી આ તો બસ થોડા જ અનુભવો છે. દરેક સિદ્ધયોગ અભ્યાસની જેમ, આના લાભ પણ અનેકાનેક છે અને તમે તમારી પોતાની રીતે આ લાભોનો અનુભવ કરશો.

મને આ વિચારવું અદ્ભુત લાગે છે કે દક્ષિણા અર્પિત કરવાથી આપણને વ્યક્તિગત રૂપે જે અસાધારણ જીવન-રૂપાંતરણકારી લાભનો અનુભવ થાય છે, તે ઉપરાંત, આ અભ્યાસ અન્ય અસંખ્ય સિદ્ધયોગીઓ અને નવા સાધકોને પણ લાભાન્વિત કરે છે. આપણે શ્રીગુરુને જે દક્ષિણા અર્પિત કરીએ છીએ તે એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે, જે આ દક્ષિણાનો ઉપયોગ તેના મૂળ ઉદ્દેશ્યની પૂર્તિ માટે કરે છે. એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનનો મૂળ ઉદ્દેશ્ય છે, સિદ્ધયોગની શિખામણોને સુરક્ષિત રાખવી, તેનું પરિરક્ષણ કરવું અને વિશ્વભરમાં તેનો પ્રસાર કરવામાં સહાયતા કરવી.

**મને એવું લાગે છે કે દક્ષિણા અર્પિત કરવાથી થતા લાભોનો અનુભવ કરવાને બદલે, હું ધ્યાન અને નામસંકીર્તનના મારા અભ્યાસોથી થતા લાભોનો અનુભવ વધારે સહેલાઈથી કરી શકું છું. મારા જીવનમાં દક્ષિણાના આ અભ્યાસથી થતા લાભો પ્રત્યે હું વધારે જાગરૂક કેવી રીતે થઈ શકું?**

જ્યારે આપણે નિયમિતરૂપે દક્ષિણા અર્પિત કરીએ છીએ ત્યારે આપણે આપણી સાધનામાં વાસ્તવિક પ્રગતિ કરીએ છીએ. જ્યારે આપણે સિદ્ધયોગના કોઈપણ અભ્યાસને નિયમિતરૂપે કરીએ છીએ ત્યારે આપણે આપણા હૃદય સુધી, આપણા અંતરાત્મા સુધી પહોંચવાનો માર્ગ બનાવી રહ્યાં હોઈએ છીએ. દક્ષિણાના અભ્યાસમાં આ સ્થિરતા અને નિરંતરતા લાવવાની એક રીત છે, સિદ્ધયોગ માસિક દક્ષિણાના અભ્યાસમાં ભાગ લેવો.

દક્ષિણાના નિયમિત અભ્યાસના એક ભાગ રૂપે, આગળનું પગલું છે, દક્ષિણાનો અભ્યાસ સજગતાથી કરવો, અર્પિત કરતી વખતે વર્તમાન ક્ષણમાં ઉપસ્થિત રહેવું અને એ યાદ રાખવું કે આ એક પવિત્ર અભ્યાસ છે. જ્યારે તમે દક્ષિણા અર્પિત કરી રહ્યા હો અથવા જે દિવસે દક્ષિણા વિભાગને તમારી માસિક દક્ષિણા પ્રાપ્ત થઈ રહી હોય, એ દિવસે તમે થોભી શકો છો. ઉદાહરણ તરીકે, મને એ બોધ ધારણ કરવો ગમે છે કે હું મારા જીવનમાં કૃપાના સ્રોતને દક્ષિણા અર્પિત કરી રહી છું. અને દક્ષિણા અર્પિત કર્યા પછી હું શાંત બેસીને પોતાને પૂછું છું, "મને અત્યારે શું અનુભવ થઈ રહ્યો છે? મારા શ્રીગુરુને દક્ષિણા અર્પિત કરવાનો શું પ્રભાવ મહસૂસ થઈ રહ્યો છે?"

દક્ષિણા અર્પિત કરવાના તમારા અનુભવોને શબ્દોમાં વ્યક્ત કરવા માટે એક જર્નલ રાખવી એ પણ એક સારી રીત છે.

તમે દક્ષિણાના તમારા અભ્યાસ વિશે પોતાને આ પ્રશ્નો પૂછી શકો છો :

- દક્ષિણા અર્પિત કરવાથી મારી અંદર કઈ નવી સમજ અને પ્રેરણાઓ ઉદ્ભવી રહી છે?
- મારા પોતાના પ્રત્યે અને બીજાં લોકો પ્રત્યે મારા વલણમાં હું કયાં પરિવર્તનો જોઈ રહ્યો છું? મારી આદતોમાં શું પરિવર્તનો થઈ રહ્યાં છે?
- દક્ષિણાના મારા અભ્યાસમાં, મને સિદ્ધયોગની વિશિષ્ટ શિખામણો વિશે શું સમજ મળી રહી છે અને હું તેનો અમલ કેવી રીતે કરી રહ્યો છું? ઉદાહરણ તરીકે, દક્ષિણા અર્પિત કરવાથી સ્વયંનું અને મારી આસપાસના સંસારનું સન્માન કરવાની મારી ક્ષમતા કેવી રીતે વધી રહી છે?

દક્ષિણાના તમારા અભ્યાસના રૂપાંતરણકારી પ્રભાવો વિશે વધારે જાગરૂક થવા માટે સ્વયંને પ્રશ્નો પૂછો. હું કલ્પના કરી શકું છું કે જ્યારે તમે એના વિશે જર્નલમાં લખશો કે તમે શું જોઈ રહ્યા છો અને શું અનુભવ કરી રહ્યા છો, તો તમને જે જાણવા મળશે તે જોઈને તમે આશ્ચર્યચકિત રહી જશો!

**મેં જોયું છે કે સિદ્ધયોગ પથની વેબસાઇટ પર દક્ષિણાના અભ્યાસ વિશેના વિભાગમાં કેટલાંક વેબપેજ દેવી લક્ષ્મીને સમર્પિત છે. દેવી લક્ષ્મી અને દક્ષિણાના અભ્યાસ વચ્ચે શું સંબંધ છે?**

સિદ્ધયોગીઓ દેવી મહાલક્ષ્મીને કુંડલિની શક્તિનું જ એક રૂપ માને છે તેમજ પ્રચુરતા, સૌભાગ્ય અને સૌંદર્યનાં પ્રતીકરૂપે તેમની આરાધના કરે છે. દેવી લક્ષ્મી એ દરેક વસ્તુના મૂર્તરૂપ છે જે શુભ અને વિપુલ છે, અને જે આ પૃથ્વી પર જીવનનું પોષણ કરે છે. તેઓ દરેક પ્રકારની સંપત્તિનું રૂપ છે — આંતરિક સંપત્તિ અને બાહ્ય સંપત્તિ.

જ્યારે આપણે મહાલક્ષ્મીની પૂજા કરીએ છીએ ત્યારે આપણે આપણી અંદર તેમના ગુણોને ઓળખીએ છીએ, તેનો વિકાસ કરીએ છીએ અને તેને આ સંસારમાં ફેલાવીએ છીએ.

આપણે આપણી બધી જ આધ્યાત્મિક અને ભૌતિક સંપત્તિને દેવીનું જ પ્રગટ રૂપ માનીએ છીએ, આપણે આ સંપત્તિને વિશ્વાસની સાથે આપણને સોંપવામાં આવેલી એક પવિત્ર વસ્તુ માનીએ છીએ, અને આ રીતે આપણે મહાલક્ષ્મીનું સન્માન કરીએ છીએ. આપણે વિવેકપૂર્ણ રીતે, અને ધાર્મિક કૃત્યો કરતાં રહીને આપણી ધનસંપત્તિની દેખરેખ રાખીએ છીએ. ધાર્મિક કૃત્યો એટલે કે એવાં કૃત્યો જે આપણા માટે અને આપણી આસપાસની દરેક વ્યક્તિ માટે લાભદાયક છે.

જ્યારે આપણે આપણાં જીવનનાં ભૌતિક અને આર્થિક પાસાંઓનું સન્માનપૂર્વક અને જવાબદારીપૂર્વક ધ્યાન રાખીએ છીએ ત્યારે આપણે આપણાં જીવનમાં દેવી મહાલક્ષ્મીનું સ્વાગત કરી રહ્યાં હોઈએ છીએ. આવું કરવાની એક રીત છે, આપણી આસપાસના વાતાવરણને સ્વચ્છ રાખવું, ખાસ કરીને એ જગ્યા જ્યાં આપણે રહીએ છીએ અને કામ કરીએ છીએ. આપણે એક બજેટ એટલે કે ખર્ચ કરવાની નિશ્ચિત સીમા નિર્ધારિત કરીને આપણી પાસે જે છે તેના કરતાં વધારે ખર્ચ ન કરીને પણ આવું કરી શકીએ છીએ.

દક્ષિણા અર્પિત કરવાના અભ્યાસ દ્વારા આપણે એ પરમ જ્ઞાનનું જતન કરીએ છીએ જે આપણે શ્રીગુરુ પાસેથી પ્રાપ્ત કર્યું છે. દક્ષિણા અર્પિત કરીને આપણે આપણાં જીવનમાં કૃપાના સ્રોત એટલે કે શ્રીગુરુ સાથે આપણા સંબંધનું સન્માન કરીએ છીએ અને તેને પોષિત કરીએ છીએ. દક્ષિણા શ્રીગુરુની જીવન-રૂપાંતરણકારી શિખામણોને દરેક જગ્યાએ જિજ્ઞાસુઓ સુધી પહોંચાડવામાં મદદ કરે છે, જેનાથી સમગ્ર સંસારનું ઉત્થાન થાય છે.

દક્ષિણા અર્પિત કરવાના આ પાવન કૃત્ય દ્વારા આપણે દેવી મહાલક્ષ્મીના સાર્વભૌમિક કલ્યાણકારી દષ્ટિકોણને અપનાવીએ છીએ અને જ્યારે આપણે એ ભાવ રાખીએ છીએ કે આપણી અંતર્જાત પ્રચુરતા દ્વારા બધાંનું કલ્યાણ થાય, તો તેનાથી મળનારી શાંતિ અને આનંદનો અનુભવ કરી શકવા માટે આપણે ગ્રહણશીલ બનીએ છીએ.

### મેં સિદ્ધયોગ પથની વેબસાઇટ પર વાંચ્યું છે કે ગુરુપૂર્ણિમાના મહિનામાં દક્ષિણા આપણાં અધ્યયન અને અભ્યાસનું કેન્દ્રણ છે. ગુરુપૂર્ણિમા પર દક્ષિણા અર્પિત કરવાનું વિશેષ મહત્ત્વ શું છે?

ગુરુપૂર્ણિમાની પરંપરા હજારો વર્ષો પહેલાં મહર્ષિ વેદવ્યાસ અને તેમના શિષ્યોના સમયે શરૂ થઈ હતી. આ શિષ્યો તેમના શ્રીગુરુ દ્વારા પ્રદાન કરવામાં આવેલી શિખામણો અને કૃપા માટે તેમના પ્રત્યે પોતાની અપાર કૃતજ્ઞતા વ્યક્ત કરવાની રીત શોધી રહ્યા હતા.

ગુરુપૂર્ણિમા દરમ્યાન દક્ષિણા અર્પિત કરવી એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ વિશેષરૂપે શ્રીગુરુનું પૂજન કરવા માટે સમર્પિત છે. દક્ષિણા અર્પિત કરવાના કૃત્યમાં આપણે એટલે કે શિષ્યો, શ્રીગુરુ પ્રત્યે પોતાનું સન્માન વ્યક્ત કરીએ છીએ, તેમજ આપણાં જીવનમાં અને આ પૃથ્વી પર શ્રીગુરુના પ્રજ્ઞાન અને ગુરુકૃપાના અસીમ મૂલ્યને ઓળખીએ છીએ.

સિદ્ધયોગ પથ પર આપણે આખા જુલાઈ મહિના દરમ્યાન, સિદ્ધયોગના ગુરુઓનું સન્માન કરીને ગુરુપૂર્ણિમાનો મહોત્સવ મનાવીએ છીએ અને ગુરુપૂર્ણિમાની પરંપરા ચાલુ રાખીએ છીએ. દરવર્ષે સિદ્ધયોગ પથની વેબસાઇટના માધ્યમથી સિદ્ધયોગ સંઘમ્‌ને ગુરુપૂર્ણિમા પર દક્ષિણા અર્પિત કરવાનું આમંત્રણ આપવામાં આવે છે.

જે રીતે મહાશિવરાત્રિ દરમ્યાન મંત્રનો જપ કરવો વિશેષરૂપે શક્તિપૂરિત હોય છે, તે જ રીતે ગુરુપૂર્ણિમાના મહોત્સવ દરમ્યાન શ્રીગુરુને અર્પિત કરવામાં આવતી દક્ષિણાની રૂપાંતરણકારી શક્તિ અનંતગણી વધી જાય છે.

### દક્ષિણાના રૂપમાં હું જે ધનરાશિ અર્પિત કરું છું, શું તે મહત્ત્વપૂર્ણ છે કે હું જે ભાવથી દક્ષિણા અર્પિત કરું છું તે વધારે મહત્ત્વપૂર્ણ છે?

આપણે જે રીતે દક્ષિણા અર્પિત કરીએ છીએ, તેની સાથે જોડાયેલી દરેક વાત મહત્ત્વની છે. આમાં અર્પિત કરાયેલી રકમ એટલે કે ધનરાશિની સાથેસાથે જે ભાવ સાથે આપણે દક્ષિણા અર્પિત કરીએ છીએ તે પણ સમાવિષ્ટ છે. સિદ્ધયોગ પથના બધા અભ્યાસોની જેમ આપણે હંમેશાં આપણું સર્વશ્રેષ્ઠ અર્પિત કરવા માગીએ છીએ.

ડેવિડ કૈટ્ઝના વ્યાખ્યાન, 'ગુરુકૃપાની ઉદારતા'માં તેઓ એક સુંદર સંસ્કૃત શબ્દ "અર્પણ"નું વર્ણન કરતા કહે છે કે અર્પણ એટલે આપણા શ્રીગુરુને "આપણું સર્વશ્રેષ્ઠ અર્પિત કરવું," જે શ્રીગુરુની અતુલનીય ઉદારતા માટે આપણા હૃદયની સ્વાભાવિક પ્રતિક્રિયા છે. જ્યારે આપણે દક્ષિણાનો અભ્યાસ કરીએ છીએ ત્યારે "આપણું સર્વશ્રેષ્ઠ અર્પિત કરવાનો" અર્થ શું છે?

આપણું સર્વશ્રેષ્ઠ અર્પિત કરવાનો અર્થ બંને હોઈ શકે છે — આપણા અર્પણની ધનરાશિ અને એ ભાવ જેની સાથે આપણે અર્પણ કરીએ છીએ. શું દક્ષિણા અર્પિત કરતી વખતે આપણે પૂરી રીતે ઉપસ્થિત છીએ, જાગરૂક છીએ? શું આપણે શ્રીગુરુની સાથે, આપણા હૃદય સાથે જોડાવાનો સમય કાઢી રહ્યાં છીએ? શું આપણે આપણી પોતાની યોગ્યતાની સમજ સાથે અને આપણે જે કૃત્ય કરી રહ્યાં છીએ તેના અર્થને સમજીને અર્પણ કરી રહ્યાં છીએ?

ધનરાશિનો વિચાર કરીએ, તો આપણે આપણી ક્ષમતા અનુસાર દક્ષિણા અર્પિત કરીએ છીએ. તો આ વાતને ધ્યાનમાં રાખીને તમે પોતાને પૂછી શકો છો : "આર્થિક રૂપે મારી પાસે જે પણ છે તેને અને મારા બજેટને ધ્યાનમાં રાખીને, અત્યારે કેટલી ધનરાશિ 'મારું સર્વશ્રેષ્ઠ અર્પણ' છે?" તમે આ પ્રશ્ન પૂછીને પણ તમારા અભ્યાસની યોજના બનાવી શકો છો, "ભવિષ્યમાં હું કેટલી ધનરાશિ અર્પિત કરવા માગીશ?" આ અભ્યાસ કરતી વખતે, સ્વયંને સતત આ પ્રશ્નો પૂછતા રહેવું એ આપણું સર્વશ્રેષ્ઠ અર્પણ કરવાની એક રીત છે.

બાબાજી અને ગુરુમાઈજી આપણને શીખવે છે કે મંત્ર, મંત્રનો જપ કરનાર અને મંત્રના દેવતા એક જ છે. આ શિખામણ દક્ષિણાના અભ્યાસને પણ લાગુ થઈ શકે છે. હું આ જ જાગરૂકતા સાથે દક્ષિણાનો અભ્યાસ કરું છું. ઉદાહરણ તરીકે, જ્યારે હું સિદ્ધયોગ પથની વેબસાઇટ પર દક્ષિણા અર્પિત કરું છું, ત્યારે હું આ જાગરૂકતા બનાવી રાખું છું "હું ભગવાન છું. આ અર્પણ ભગવાન છે. હું જેને અર્પણ કરી રહી છું, તે પણ ભગવાન છે." જ્યારે હું આવું કરું છું ત્યારે મને તરત જ મારા હૃદયમાં શાંતિ અને આનંદના ગહન ભાવની અનુભૂતિ થાય છે. હું મારાં શ્રીગુરુ સાથે ઐક્યનો અનુભવ કરું છું અને અંતરમાં અત્યંત સુખ અને સહજતાનો અનુભવ કરું છું. આ અનુભવ ખૂબ જ શક્તિપૂર્ણ છે.

જ્યારે તમે દક્ષિણા અર્પિત કરો છો ત્યારે વિચાર કરો કે તમે તમારું સર્વશ્રેષ્ઠ અર્પિત કરવાના ભાવ સાથે કેવી રીતે અર્પણ કરશો. પ્રયોગ કરી જુઓ; જુદીજુદી રીતો અજમાવી જુઓ. તમારા અભ્યાસને એક નવીન બોધ સાથે કરો અને પછી ધ્યાન આપો કે શું થાય છે!

**મેં હાલમાં જ ગ્રેજ્યુએશન પૂરું કર્યું છે અને મારી પહેલી નોકરી શરૂ કરી છે, અને હું સિદ્ધયોગ માસિક દક્ષિણાનો અભ્યાસ શરૂ કરવા માગું છું. શું મારે માસિક અભ્યાસ અત્યારથી જ શરૂ કરી દેવો જોઈએ કે જ્યાંસુધી હું વધારે અર્પિત ન કરી શકું ત્યાંસુધી રાહ જોવી જોઈએ?**

હું કહીશ કે અત્યારથી જ શરૂ કરો! આવું એટલા માટે કારણ કે તમે આ સિદ્ધયોગ અભ્યાસ સાથે સંલગ્ન થવાના સુઅવસરનો લાભ લો અને તમારો વિકાસ કરીને, તમારા જીવન અને સાધનાનાં ફળો અત્યારે જ પ્રાપ્ત કરો. તમે

જે ધનરાશિ અર્પિત કરી શકો છો તે 'બહુ ઓછી' છે, એવું વિચારીને સ્વયંને દક્ષિણા અર્પિત કરતાં રોકો નહીં. યાદ રાખો : શ્રીગુરુને તમે જે પણ અર્પિત કરો છો તે પવિત્ર છે.

તમારી દક્ષિણાના અભ્યાસને એક યાત્રા રૂપે જુઓ. દક્ષિણા માટે એક લક્ષ્ય રાખવું અને વધારે અર્પિત કરવાની ઇચ્છા રાખવી બહુ સારી વાત છે. તમે અવશ્ય એ ધ્યેય રાખી શકો છો. પરંતુ એવું ન થવા દો કે તમારી વર્તમાન આવકનું સ્તર તમને આ મુખ્ય અભ્યાસને તમારી સિદ્ધયોગ સાધનાનો નિયમિત ભાગ બનાવવાથી — અને તેના દ્વારા પ્રવાહિત થતી શ્રીગુરુની કૃપાનો અનુભવ કરવાથી રોકે.

**હું માસિક દક્ષિણાનો અભ્યાસ કરું છું અને એના માટે મેં મારા બેંકના ખાતામાંથી દર મહિને દક્ષિણાની રાશિની ચૂકવણી ઑટોમૅટિક થઈ જાય તેવી વ્યવસ્થા કરી છે. કેટલીકવાર મને લાગે છે કે મારો અભ્યાસ 'ઑટોપાયલટ' એટલે કે સ્વચાલિત રીતે યંત્રવત્ ચાલી રહ્યો છે. હું દક્ષિણાનો નિયમિત અભ્યાસ હજી વધારે જાગરૂકતા સાથે કેવી રીતે કરી શકું?**

આ બહુ સારી વાત છે કે તમે આ અભ્યાસ પ્રત્યે વચનબદ્ધ થયા છો અને આ અભ્યાસને વધારે જાગરૂકતા સાથે કરવાની તમારી પોતાની ઇચ્છા પ્રત્યે સજગ છો. બધા સિદ્ધયોગ અભ્યાસની જેમ આપણે દક્ષિણાના અભ્યાસને વધારે જાગરૂકતા સાથે કરવાની આકાંક્ષા રાખીએ છીએ, જેથી આપણે સ્વયંને પૂર્ણરૂપે સમર્પિત કરી શકીએ અને પ્રત્યેક અભ્યાસમાં નિહિત અમૃતનો અનુભવ કરવા માટે ઉપસ્થિત રહી શકીએ.

હું ઘણીવાર કહું છું કે દક્ષિણા અર્પિત કર્યા પછી, એક ક્ષણ થોભીને એ વાત પર ધ્યાન આપવું લાભપ્રદ છે કે તમે શું અનુભવ કરી રહ્યા છો. કેટલાંક લોકો જેઓ માસિક દક્ષિણાના અભ્યાસમાં ભાગ લે છે, તેઓ દરેક મહિનાની ૨૦મી તારીખે આ અભ્યાસ પર ચિંતન કરવા માટે થોડો સમય કાઢે છે. આ જ દિવસે તેમની દક્ષિણાનું માસિક અર્પણ સ્વચાલિત ચૂકવણી દ્વારા એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનને પ્રાપ્ત થાય છે.

જ્યારે હું મારા દક્ષિણાના માસિક અભ્યાસ પર ચિંતન કરું છું તો મને લાગે છે કે હું દક્ષિણા અર્પિત કરવાના તમારા અભ્યાસમાં વધારે જાગરૂકતા લાવવા માટે બીજી ત્રણ રીતો સૂચવી શકું છું : તમારા અંતર ભાવ પર ધ્યાન આપવું, વિધિસર અર્પણ કરવું તેમજ તમારા અર્પણને પ્રાર્થના કે સંકલ્પથી અનુપ્રાણિત કરવું. હવે, હું તમને આ દરેક વિશે થોડું કહેવા માગું છું.

પહેલું સૂચન અંતર ભાવ સાથે સંબંધિત છે. તમે અમી બંસલની વ્યાખ્યા, 'દક્ષિણાની પરંપરા'માં ઉત્થાનકારી ભાવ સાથે દક્ષિણા અર્પિત કરવાના મહત્ત્વ વિશે વધુ જાણી શકો છો.

એક યુવતીએ મને જણાવ્યું કે તે પોતાના અભ્યાસમાં ભક્તિનો ભાવ કેવી રીતે લાવે છે. તેણે કહ્યું કે દરેક મહિનાની ૨૦મી તારીખે તે કલ્પના કરે છે કે તે શ્રી મુક્તાનંદ આશ્રમમાં ભગવાન નિત્યાનંદ મંદિરમાં શ્રીગુરુમાઈની સાથે છે. તે પોતાના હૃદય સાથે જોડાય છે અને જુએ છે કે તે બડે બાબાની મૂર્તિની સામે શ્રદ્ધાપૂર્વક અને ભક્તિભાવથી પ્રણામ કરી રહી છે. પછી ખૂબ જ ધ્યાનપૂર્વક અને પ્રેમથી તે પોતાની દક્ષિણા અર્પિત કરે છે અને

તેનાં શ્રીગુરુ સાથે ધ્યાન કરે છે. તેણે જણાવ્યું કે આ અનુભવ તેના માટે ખૂબ જ શક્તિપૂરિત છે અને તેને આનંદથી ભરી દે છે.

બીજું સૂચન વિધિસર દક્ષિણા અર્પિત કરવા સાથે સંબંધિત છે. આ એક એવું કૃત્ય છે જે તમે દક્ષિણાના અભ્યાસની પાવનતાને સ્પષ્ટરૂપે અનુભવ કરવા માટે કરો છો.

એક યુવતીએ જણાવ્યું કે મહિનાની ૨૦મી તારીખે તે જર્નલમાં લખે છે કે છેલ્લા મહિને તેણે કયા-કયા રૂપે અનુભવ કર્યો કે શ્રીગુરુની કૃપા તેનું ઉત્થાન કરી રહી છે. તેણે કહ્યું કે આ રીતનું મનનચિંતન તેને એ મહાન સૌભાગ્ય સાથે જોડી દે છે કે તેના જીવનમાં એક સદેહ ગુરુ, એક સદ્‌ગુરુ છે.

કેટલાક સિદ્ધયોગીઓ તેમની માસિક દક્ષિણા અર્પિત કરતી વખતે, શ્રીમહાલક્ષ્મી સ્તોત્રમ્‌નો પાઠ કરે છે. બીજાં કેટલાંક લોકો પ્રકૃતિમાં ચાલવા જાય છે. તેમની આસપાસનું સૌંદર્ય અને પ્રચુરતા જોઈને તેમને પોતાના જીવનમાં વિદ્યમાન પ્રચુરતા પર અને દક્ષિણા અર્પિત કરવાના તેમના અભ્યાસ પર મનન કરવા માટે પ્રેરણા મળે છે.

વધારે જાગરૂકતાથી અભ્યાસ કરવાની ત્રીજી રીત છે, તમે તમારી પ્રાર્થનાઓ, આશીર્વાદો અને સંકલ્પોથી તમારી દક્ષિણાને અનુપ્રાણિત કરી દો. ઉદાહરણ તરીકે, તમે એ સંકલ્પ સાથે તમારી દક્ષિણા અર્પિત કરી શકો છો કે તમે કૃતજ્ઞતા, વિનમ્રતા અથવા આનંદ જેવા દિવ્ય સદ્‌ગુણોનું મૂર્તરૂપ બનો. અથવા તો તમે તમારી દક્ષિણાને એ આશીર્વાદથી અનુપ્રાણિત કરી શકો છો કે સર્વત્ર લોકો આત્માના પ્રકાશની અનુભૂતિ કરે.

તો, રચનાત્મક બનો! સ્વયંને પૂછો, “હું કઈ-કઈ રીતો દ્વારા દક્ષિણાના મારા માસિક અભ્યાસને હજી વધારે જાગરૂકતાથી કરવા માગીશ?” પછી એ રીતોનો અમલ કરો અને તમે જે મહસૂસ કરો તેને જર્નલમાં લખી લો. આ અભ્યાસના લાભોની પ્રશંસા કરી શકો તેના માટે સ્વયં સાથે સમય વિતાવો.

**મને મારાં બાળકોને ધ્યાન અને નામસંકીર્તનના અભ્યાસોથી પરિચિત કરાવવામાં ઘણો આનંદ આવ્યો. શું તમારી પાસે કોઈ સૂચનો છે કે હું તેમને દક્ષિણાના અભ્યાસથી કેવી રીતે પરિચિત કરાવું?**

તમારાં બાળકોને દક્ષિણાના અભ્યાસથી પરિચિત કરાવવાની સૌથી સારી રીત એ છે કે તમે તેમની સાથે દક્ષિણા અર્પિત કરો.

ઘણા બધા કિશોરો અને યુવાઓએ મને જણાવ્યું છે કે તેમની સૌથી પ્રિય યાદોમાંથી કેટલીક યાદો છે, સિદ્ધયોગ આશ્રમ અથવા ધ્યાન કેન્દ્ર અને સિદ્ધયોગ પથની વેબસાઇટ પર તેમના પરિવાર સાથે દક્ષિણા અર્પિત કરવી.

આપવું એ બાળકોનો સ્વભાવ છે. આપવાનો અર્થ શું છે અને તેમાં કેટલો આનંદ છે, એને તેઓ સહજ રીતે સમજે છે. એક બાળકે સત્સંગમાં સહજ ભાવથી શ્રીગુરુમાઈને દક્ષિણા અર્પિત કરી હતી, એ પ્રસંગ સિદ્ધયોગ પથની વેબસાઇટ પર ‘હૃદયની પ્રેરણા’ વૃત્તાંતમાં સુંદરતાથી દર્શાવવામાં આવ્યો છે.

સમય કાઢીને એ વાત પર ચિંતન કરો કે દક્ષિણાનો આ અભ્યાસ *તમારા* માટે અર્થપૂર્ણ શા માટે છે અને પછી એ તમારા બાળકને જણાવો. તેને જણાવો કે સિદ્ધયોગ પથ તમારા માટે મહત્ત્વપૂર્ણ શા માટે છે અને તમે દક્ષિણા અર્પિત કરવા શા માટે પ્રેરિત થયા. તમારા બાળકને દક્ષિણા વિશે શીખવવાની શ્રેષ્ઠ રીત એ છે કે તમે આ અભ્યાસ વિશે તમારી પોતાની સમજ અને તમારા અનુભવ સાથે જોડાઓ.

બાળકોને વિધિસર કંઈક કરવામાં ખૂબ જ આનંદ આવે છે. એક માતાએ મને જણાવ્યું કે તેનો આખો પરિવાર — તેનો પતિ અને તેના બે નાના દીકરાઓ — તેમના ઘરના ધ્યાનકક્ષમાં પૂજાવેદી પાસે જાય છે, પ્રણામ કરે છે અને પૂજાવેદી પર મૂકેલા એક પાત્રમાં દક્ષિણા અર્પિત કરે છે. તેઓ એકસાથે પ્રાર્થના કરે છે અને પછી બેસીને સંકીર્તન કરે છે. દરેક મહિનાના અંતે, તેઓ સિદ્ધયોગ પથની વેબસાઇટ પર ઓનલાઇન ફોર્મ ભરીને પાત્રમાં મૂકેલી ધનરાશિ અર્પિત કરે છે. તેણે કહ્યું કે તેનાં બાળકોને આ કરવું ખૂબ જ ગમે છે અને વિધિસર કરવામાં આવતા આ પારિવારિક કૃત્ય દ્વારા તેઓ શ્રીગુરુને અર્પણ કરવાની શક્તિ વિશે સમજવા લાગ્યા છે.

બાળકોને વાર્તાઓ પણ ખૂબ ગમે છે. ઉદાહરણ તરીકે, ‘છાંદોગ્ય ઉપનિષદ’માં સત્યકામ જાબાલાની એક પ્રેરણાદાયી વાર્તા છે, જે તમે તમારાં બાળકો સાથે વાંચી શકો છો, આ વાર્તા અમી બંસલ દ્વારા લિખિત વ્યાખ્યા ‘દક્ષિણાની પરંપરા’માં આપવામાં આવી છે. ‘દક્ષિણાના સિદ્ધયોગ અભ્યાસ પર પરિવારો માટે સત્સંગ’માં બાળકો આ વાર્તાનું અધ્યયન કરે છે અને તેનો અભિનય પણ કરે છે.

વિશ્વભરમાં સિદ્ધયોગ આશ્રમો અને ધ્યાન કેન્દ્રોમાં બાર વર્ષ અને તેના કરતાં ઓછી ઉંમરનાં બાળકોના પરિવારો માટે માસિક સત્સંગ થાય છે. “દક્ષિણાના સિદ્ધયોગ અભ્યાસ પર પરિવારો માટે સત્સંગ” વિશે વધુ જાણકારી માટે તમે GlobalTarunaPoshana@syda.org પર ઈ-મેલ મોકલીને તરુણપોષણ વિભાગનો સંપર્ક કરી શકો છો.

**જ્યારે હું કોઈ સિદ્ધયોગ આશ્રમ અથવા ધ્યાન કેન્દ્રમાં દક્ષિણા અર્પિત કરું છું તો મને આ અભ્યાસની શક્તિનો અનુભવ થાય છે. આ જ અનુભવ સિદ્ધયોગ પથની વેબસાઇટ પર દક્ષિણા અર્પિત કરતી વખતે હું કેવી રીતે કરી શકું?**

જે રીતે સિદ્ધયોગ આશ્રમ અથવા ધ્યાન કેન્દ્ર એક પાવન સ્થાન છે, તે જ રીતે સિદ્ધયોગ પથ વેબસાઇટ પણ એક પાવન સ્થાન છે. વેબસાઇટ એક એવું સ્થાન છે જ્યાં ગુરુમાઈજી દરરોજ તેમની કૃપા અને શિખામણો પ્રદાન કરે છે. વાસ્તવમાં, એ ગુરુમાઈજીની પહેલ અને તેમનો સંકલ્પ જ છે જેના કારણે આ વેબસાઇટનું નિર્માણ થયું.

જ્યારે તમે વેબસાઇટ પર દક્ષિણા અર્પિત કરો છો તો તમે એક ક્ષણ લઈને આ પવિત્ર વાતાવરણ પ્રત્યે જાગરૂક થઈ શકો છો અને શ્રીગુરુની ઉપસ્થિતિનો અનુભવ કરી શકો છો. એવી રીતે દક્ષિણા અર્પિત કરો જાણે તમે એને કોઈ સિદ્ધયોગ આશ્રમમાં અથવા ધ્યાન કેન્દ્રમાં દર્શનના સમયે કરી રહ્યા છો.

એકવાર એક મહિલાએ મને જણાવ્યું કે સામાન્યરીતે તેના પતિ જ વેબસાઇટ પર તેમના બંને વતી દક્ષિણા અર્પિત કરતા હતા. પછી, એક વિશેષ સિદ્ધયોગ મહોત્સવના અવસર પર આ મહિલાએ બંને વતી દક્ષિણા અર્પિત કરવાનો નિર્ણય લીધો. એના પછી જે થયું તેનાથી તે આશ્ચર્યચકિત રહી ગઈ, તેણે કહ્યું, “એક પ્રબળ શક્તિ મારી

ઉપર છવાઈ ગઈ. મને દર્શન થઈ રહ્યાં હતાં. આ અનુભવ ધ્યાનની એ ક્ષણ જેવો જ હતો જ્યારે અચાનક તમારા અંતરમાંથી કોઈ સમજ એકદમ નવા રૂપે સ્ફુરી ઊઠે છે અને પછી તમે જુઓ છો કે તેના તરંગો તમારા જીવનમાં પણ ફેલાઈ રહ્યા છે.''

તો, જેમ તમે જોઈ શકો છો કે દક્ષિણા અર્પિત કરવા માટે એક બટન પર ક્લિક કરવાનું સાધારણ કૃત્ય તમને તરત જ તેમની સાથે જોડી દે છે જેમને તમે દક્ષિણા અર્પિત કરી રહ્યા છો.

તમે અન્ય પગલાંઓ પણ લઈ શકો છો જેની મદદથી તમે આ દિવ્ય સ્થાનમાં પ્રવેશ કરી શકો છો. દક્ષિણા અર્પિત કરતા પહેલાં, તમે સ્વયંને તૈયાર કરી શકો છો. ઉદાહરણ તરીકે, તમે તમારી આંખો બંધ કરીને પ્રાર્થના કરી શકો છો. તમારા હૃદય સાથે તેમજ સિદ્ધયોગની શિખામણો અને શ્રીગુરુ માટે તમારા પ્રેમ સાથે જોડાઓ. ચિંતન કરો કે તમે કઈ વસ્તુ માટે કૃતજ્ઞ છો. પછી આ બોધ સાથે તમારી દક્ષિણા અર્પિત કરો.

અને દક્ષિણા અર્પિત કર્યા પછી શાંત બેસો અને ધ્યાન આપો કે તમે અંતરમાં શું અનુભવ કરી રહ્યા છો. તમારા હૃદય અને તમારા મનની સ્થિતિ શું છે? તમારું શરીર કેવું મહસૂસ કરી રહ્યું છે? વર્તમાનમાં ઉપસ્થિત રહો. દક્ષિણાના તમારા અભ્યાસમાં આવા પ્રકારની જાગરૂકતા લાવવાથી, તમે સામાન્યતઃ જે રીતે સિદ્ધયોગ પથ વેબસાઇટ સાથે સંલગ્ન થાઓ છો, તે વાસ્તવમાં રૂપાંતરિત થઈ જાય છે. તમે એ જાણવા લાગો છો કે વેબસાઇટ શ્રીગુરુની શક્તિથી ઓતપ્રોત છે અને ત્યાં આપેલી દરેક શિખામણ આપણામાંથી દરેક વ્યક્તિને આપણા દિવ્ય આત્માના અનુભવ સુધી લઈ જાય છે.

**મને લાગે છે કે દક્ષિણા ખૂબ જ વ્યક્તિગત બાબત છે. મને બાળપણથી જ શીખવવામાં આવ્યું હતું કે સામાન્ય રીતે પૈસા વિશે વાત ન કરવી જોઈએ. પરંતુ મેં જોયું છે કે આપણને સિદ્ધયોગ અભ્યાસ વિશે આપણા અનુભવો જણાવવા માટે પ્રેરિત કરવામાં આવે છે. દક્ષિણાના અભ્યાસ વિશે વાત કરવાનો શું લાભ છે?**

અહીં, હું તમને તમારી વ્યક્તિગત નાણાકીય બાબતોની વિગતો આપવા વિશે અને સિદ્ધયોગ પથ પર દક્ષિણા અર્પિત કરવાના તમારા અનુભવ વિશેની વાત વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવા માગું છું. જ્યારે આપણે દક્ષિણા વિશે વાત કરીએ છીએ ત્યારે આપણે શ્રીગુરુને, આપણા જીવનમાં કૃપાના સ્રોતને અર્પણ કરવાથી આપણને જે અનુભવ થયો છે તેના વિશે અને આ અભ્યાસથી આપણે કેવી રીતે રૂપાંતરિત થયા છીએ તેના વિશે જણાવી રહ્યાં હોઈએ છીએ. આમ કરવાનાં ઘણાં બધાં કારણો છે.

તમે સિદ્ધયોગીઓ દ્વારા દક્ષિણાના અભ્યાસના તેમના કેટલાક અનુભવો વાંચ્યા હશે, જે તમને સિદ્ધયોગ પથની વેબસાઇટ પર દક્ષિણાના વિષયના વેબપેજ પર જોવા મળશે. આ અનુભવો કેટલા પ્રેરણાદાયી છે! ઘણા બધા સિદ્ધયોગીઓએ મને કહ્યું છે કે અન્ય લોકોના અનુભવો વાંચવાથી આ અભ્યાસ વિશેની તેમની પોતાની સમજ અને અનુભૂતિ ગહન થાય છે તેમજ તેમને નવીનતાના ભાવ અને જોશ સાથે દક્ષિણા અર્પિત કરવાની નવી રીતો જાણવા મળે છે.

શું તમે જોયું છે કે જ્યારે તમને કોઈ વસ્તુ ખૂબ જ ગમે છે તો તમે બીજાં લોકોને તેના વિશે જણાવવા માગો છો? મેં તો જોયું છે! અને જ્યારે તમે દક્ષિણા વિશે વાત કરો છો ત્યારે તમે વાસ્તવમાં શેના વિશે વાત કરી રહ્યા છો? તમે સિદ્ધયોગ પથ પ્રત્યે તમારી પ્રશંસા અને કૃતજ્ઞતા વ્યક્ત કરી રહ્યા છો. તમે આ અત્યંત પ્રેરણાદાયી વિષય પર બીજાં લોકો સાથે જોડાઈ રહ્યા છો. મારું માનવું છે કે આમ કરવામાં તમને ઘણો આનંદ આવશે! તદુપરાંત, સિદ્ધયોગ અભ્યાસોના તમારા અનુભવો વિશે બીજાં લોકો સાથે વાત કરવાથી તમને તમારી અંદર નવી સમજ વિકસિત કરવામાં મદદ મળશે. કેટલીકવાર તમને તમારા કોઈ મહાન લાભની અનુભૂતિ ત્યારે જ થાય છે જ્યારે તમે આ ઉપહારને શબ્દોમાં વ્યક્ત કરવાનો પ્રયત્ન કરો છો. આ જ છે આપણા અનુભવો વિશે વાત કરવાનો જાદુ.

અને જ્યારે આપણે આપણા અનુભવોને શબ્દોમાં વ્યક્ત કરીએ છીએ ત્યારે વ્યક્ત કરવાના કૃત્ય માત્રથી આપણે સિદ્ધયોગ દર્શન અને સંસ્કૃતિ વિશે આપણા જ્ઞાન અને ઉત્સાહનો બીજાં લોકો સુધી પ્રસાર કરી રહ્યાં હોઈએ છીએ. જ્યારે આપણે કોઈ વસ્તુથી સાચે જ પ્રેરિત થઈએ છીએ ત્યારે આપણી પ્રેરણા બીજાં લોકોને સ્પર્શી જાય છે અને તેમનાં માટે નવી સંભાવનાઓ ખુલી જાય છે. આપણા માટે જે મહાન છે, જ્યારે આપણે તેને દૃઢ વિશ્વાસ સાથે શબ્દોમાં વ્યક્ત કરીએ છીએ ત્યારે આપણે સંસારમાં પ્રકાશ ફેલાવીએ છીએ અને સકારાત્મક રૂપાંતરણ લાવીએ છીએ.

હું આ પ્રશ્નોત્તરી વાંચનાર બધાં લોકોને પ્રોત્સાહિત કરું છું કે તમે અંગ્રેજી પૃષ્ઠ પર આપેલી લિંક "Click to Share Your Experience" ક્લિક કરીને તમારા અનુભવો સિદ્ધયોગ પથ વેબસાઇટ પર મોકલો, જેથી દક્ષિણાના સિદ્ધયોગ અભ્યાસ વિશેના આ વાર્તાલાપને આગળ વધારી શકાય.

આ અભ્યાસ, જેને લીધે મારા જીવનમાં અને મારી સાધનામાં આટલાં રૂપાંતરણો થયાં છે, તેના પ્રત્યે મારા પ્રેમને તમારી સાથે વ્યક્ત કરવામાં મને સાચે જ ઘણી ખુશી થઈ રહી છે.

દક્ષિણાના અભ્યાસ પર તમારી પોતાની ખોજમાં આગળ વધવાની તમારી આ યાત્રામાં મારી શુભકામનાઓ તમારી સાથે છે.

© ૨૦૨૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.